**Prabhat, Ahmedabad, Nov 25 2008**

# ટીસીએસ આઇટી વીઝ ૨૦૦૮ અમદાવાદ આવૃત્તિ

**અમદાવાદ :** આઈટી સેવાઓ, વેપાર નિવારણો અને આઉટસોર્સિંગ પેઢી અગ્રણી ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) દ્વારા હાથ ધરાયેલી ટીસીએસ આઈટી વિઝને ઉત્કૃષ્ટ પ્રતિસાદ મળ્યો છે. અમદાવાદના ટાગોર હોલમાં આ વર્ષે યોજાયેલી ભારતની સૌથી વિશાળ આંતરશાળા આઈટી ક્વિઝ ટીસીએસ આઈટી વિઝમાં ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સાથે સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયું હતું.

ભારતમાં ટેકનોલોજી ક્વિઝિંગમાં દશક પૂરું કર્યું તેની ઉજવણીના ભાગરૂપ આ સ્પર્ધા યોજાઈ હતી. મજેદાર ક્વિઝિંગ અને ગળાકાપ સ્પર્ધા પછી નવરચના હાઈસ્કૂલનાં પુરબ સુરાણા અને પ્રથમ પરીખે પ્રતિષ્ઠિત ટ્રોફી જીતી હતી. તેમને દરેકને એક-એક લેપટોપ અપાયું હતું. તેમના પછી રનર-અપ તરીકે મહારાજા અગ્રસેન શાળાના નયન ગોયલ અને રીમા રાણાને ટ્રોફી અને પોર્ટેબલ ડીવીડી પ્લેયર તથા ડિજિટલ કેમેરા ઇનામમાં અપાયાં હતાં.